ગાંધીનગર સમાચાર

શનિ-રવિ શહેરમાં શેરી નાટક યોજાશે

## @ગાંધીનગર

● ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ખાતે સાંજે ૫.૩૦ કલાકે ૧૨મો પદવી દાન સમારોહ યોજાશે.

● નહેરુ યુવા કેન્દ્ર દ્વારા સેકટર-૨૩, અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ ખાતે સવારે ૧૦ કલાકે દેશભકિત અને રાષ્ટ્ર નિર્માણ વિષય અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન રાંધેજાના કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર ખાતે ગોસ્વામી સંજય ભારતી બાપુની વ્યાસ પીઠે રામકથા યોજાશે.

● ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજ દ્વારા સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે ગોસ્વામી જ્ઞાતિબંધુઓ માટેનો સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# શહેરનું આકાશ ચાઈનીઝ તુક્કલોથી ઉભરાયું

ગાંધીનગર, તા.૧૫

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાંથી આદેશનું પાલન કરવા માટે નિયમો ઘડાય છે. ત્યાં જ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થયું છે. તંત્રના નિયમોની ઐસીતૈસી કરી વેપારીઓએ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, તુક્કલ, અને પ્લાસ્ટીકના પતંગોનું વેચાણ કરીને કાયદાનો ભય ન હોય તેવું પ્રસ્થાપિત કર્યું છે. ઉતરાયણ પર્વની ઢળતી સાંજે શહેરનું આકાશ ચાઈનીઝ તુક્કલોથી ભરાઈ ગયું હતું. શહેરના શિક્ષિત નગરજનોએ પણ પ્રતિબંધિત ચાઈનીઝ તુક્કલ આકાશમાં ઉડાડી હમ નહી સુધરેંગે જાણે કહેતા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

ઉતરાયણ પર્વમાં ચાઈનીઝ તુક્કલ, દોરી અને પ્લાસ્ટીકના પતંગ પ્રતિબંધિત છે. ગાંધીનગર શહેરના તંત્ર દ્વારા આવો ઉતરાયણ ઉજવીયે, પણ જોજો...આપણો ક્ષણીક આનંદ કોઈ પશું કે પક્ષી કે માનવીની ઈજા કે મોતનું કારણ ન બને. પ્લાસ્ટીક કે અન્ય સિન્થેટીક પદાર્થોમાંથી બનાવેલી ચાઈનીઝ દોરી કે તુક્કલનો ઉપયોગ ન કરીએ.. આવા સુંદર બેનર ગાંધીનગરના માર્ગો પર આવેલા ભીડવાળા સર્કલો પર મુકવામાં આવ્યા હતાં. તંત્રએ ઉતરાયણને આડે ચાર પાંચ દિવસ બાકી હતા ત્યારે ગણ્યા ગાંઠ્યા વેપારીઓને પકડીને મોટો જથ્થો પકડયો હોય અને ગાંધીનગરમાં હવે ચાઈનીઝ વસ્તુંઓ નહી મળે એવું લાગી રહ્યું હતું. પરંતુ તંત્રના નિયમોની વેપારીઓને જાણે ભય ના હોય તેમ ચાઈનીઝ ચીજવસ્તુનું વેચાણ કર્યું હતું. જયાંથી નિયમોના આદેશો છુટે છે તે જ ગાંધીનગરમાં નિયમોનું ઉલ્લંઘન થયું છે. જયારે ગાંધીનગર શહેરના કહેવાતા શિક્ષીતજનો પણ ચાઈનીઝ વસ્તુ ખરીદીને જાણે હમ નહી સુંધરેગે કહી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ઉતરાયણના બે દિવસોમાં શહેરનું આકાશ સાંજ ઢળતાં જ ચાઈનીઝ ગુબ્બારાથી ભરાઈ જતા પર્યાવરણ પ્રેમીઓ નિરાશ થયા હતા.



● ઉત્તરાયણ પર્વમાં ચાઈનીઝ તુકકલ ઉડાડવાની ક્ષણિક મજા ખૂબ જ જોખમી અને ઘાતક છે તો શહેરીજનોએ આ દિશાવીહીન અને અતિ જવલનશીલ વિનાશકર ચાઈનીઝ તુકકલનો ઉપયોગ ન કરવો અને ન કરવા દેવો જોઈએ અને અન્ય વિકલ્પ શોધી લેવો જોઈએ. મેં પણ મારા પરીવાર સાથે આ ચાઈનીઝ બનાવટની તુકકલનો ઉપયોગ નહીં કરવા સંકલ્પ કર્યો હતો.

- નિતીન પટેલ

● ઉત્તરાયણ પર્વમાં નગરજનો પ્રતિબંધીત ચીજવસ્તુઓ ચાઈનીઝ દોરી-તુકકલોનો ઉપયોગ કરે છે તે ખરેખર શરમજનક ઘટના છે. આગામી વર્ષે આવી પ્રતિબંધીત વસ્તુઓ ઉપયોગમાં ન લેવા માટે હું નગરજનોને અપીલ કરું છું.

- સુનીલ સોલંકી






● ઉતરાયણ પર્વની વર્ષ દરમિયાન આતુરતાથી રાહ જોવું છું પરંતુ ઉતરાયણમાં કયારેય પશુ-પક્ષી કે માનવજાતને નુકશાન થાય તેવી તંત્ર દ્વારા પ્રતિબંધિત કરાયેલી ચીજવસ્તુંનો ઉપયોગ કરતો નથી અને મારા મિત્રોને પણ ઉપયોગ ન કરવા જણાવીને તંત્રના નિયમોનું પાલન કરાવું છું. પરંતુ ગાંધીનગરમાં જ ખુલ્લેઆમ ચાઈનીઝ તુક્કલ આકાશમાં ઉડતા દુખ થયુ છે.જ

- જયમીન બ્રહ્મભટ્ટ

● હું ઉત્તરાયણ પર્વનો શોખીન છું પરંતુ ચાઈનીઝ દોરી પતંગ કે તુકકલનો ઉપયોગ નહીં કરી તેનો ત્યાગ કર્યો છે અને મિત્રો સગા સંબંધીને પણ ચાઈનીઝ બનાવટની વસ્તુઓનો ઉપયોગ નહીં કરવા હાકલ કરી હતી.

- શૈલેષ દરજી

## વાતવાતમાં

● ગાંધીનગરમાં ઉત્તરાયણ પર્વ દરમિયાન પ્રતિબંધ હોવા છતાં ચાઈનીઝ તુકકલનો છુટથી વપરાશ કરાયો હતો. આ બાબતે વેપારીઓનું કહેવું છે કે પ્રતિબંધ માટેનું જાહેરનામું એટલું મોડું આવ્યું હતું કે તે અગાઉ ખરીદી થઈ જવા પામી હતી એટલે વેપાર કર્યા વગર છુટકો નહોતો.

● ડુંગરે ડુંગરે ડોશીના ડાયરાની જેમ નગરમાં અનેક ઠેકાણે ઉંધિયા જલેબીના સ્ટોલ ઉભા થઈ ગયા હતા પરંતુ આ વેપારીઓના ધાર્યા મુજબ ઉંધિયાનું વેચાણ ના થતા તેઓ ચિંતાતુર બન્યા હતા. કેટલાક વેપારીઓએ તો અંતમાં વધેલા મોટા સ્ટોકને ઓળખીતા પાળખીતાઓને 'મફત'માં પધરાવી નિકાલ કરવાનો વારો આવ્યો હતો.

● ઉત્તરાયણ પર્વનો યુવા પતંગ રસિકોએ મનભરીને આનંદ ઉઠાવ્યો હતો અને ધાબાઓ પર પોતાના ગૃપ સાથેના 'સેલ્ફી' સોશિયલ મિડીયા પર શેર કર્યા હતા. નગરના ધાબાઓ પર ડીજે સાઉન્ડ પણ ખૂબ મોટા અવાજે ધમધમતા હતા જેમાં 'ડીજેવાલે બાબુ મેરા ગાના બજા દો' જેવા રેપસોંગ સહિત બાજીરાવ મસ્તાની અને દિલવાલેના સોંગ્સ સૌથી વધુ વાગ્યા હતા.

● ઉત્તરાયણ દરમિયાન પવન સારો રહેતા પતંગરસિકોને જલ્સો પડી ગયો હતો. જો કે વાસી ઉત્તરાયણે પવન થોડો નરમ ગરમ રહેતા નગરજનોને થાક ખાવાનો મોકો પણ મળ્યો હતો.

● ગાંધીનગરના સે-૯ ખાતે ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિ. ખાતે વધુ એક યશ પીંછુ ઉમેરાયું છે. અહીં બેલેસ્ટિક રિસર્ચ સેન્ટર એન્ડ ટેસ્ટિંગ રેન્જનું યુનિયન સેક્રેટરી પી.કે. તનેજાના હસ્તે શુક્રવારે ઉદઘાટન કરાયું હતું.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

### અવસાન નોંધ

સ્વ. ચુનીલાલ પોપટલાલ ઠકકરનું ગત તા. ૧૪મી જાન્યુઆરીના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેઓનું ઉઠમણું તા. ૧૬મી જાન્યુઆરીને શનિવારના રોજ સાંજે ૪ થી ૫.૩૦ કલાક દરમિયાન 'જલારામ કુટીર' પ્લોટ નં. ૧૪૯૩/૧, સેકટર-૨-સી ખાતે રાખેલ છે.

## ગાંધીનગર રીટેલર્સ વેલ્ફેર એસોસીએશનનો ઈનામી ડ્રો ૧લી ફેબ્રુઆરીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર રીટેલર્સ વેલ્ફેર એસોસીએશન દ્વારા ગ્રાહકોને ખરીદી શુભેચ્છા માટે તેમની ખરીદી ઉપર એક ફ્રી કુપન આપવામાં આવે છે. જે અંગેનો ઈનામી ડ્રો કાર્યક્રમ આગામી તા. ૧૮મી જાન્યુઆરીના રોજ સેકટર-૨૨ ખાતે સાંજે ૪ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ એસોસીએશનના પ્રમુખ વીરભદ્રસિંહ વાઘાલેના પિતા દશરથસિંહ વાઘેલાનું દુઃખદ અવસાન થયું હોવાથી આ ઈનામી ડ્રોનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. ઈનામી ડ્રોનો કાર્યક્રમ આગામી તા. ૧લી ફેબ્રુઆરીને સોમવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨ના મુખ્ય શોપીંગ સેન્ટર ખાતે યોજાશે. આમ સંસ્થાના મંત્રી વિનોદુકમાર ઉદેચાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### અવસાન નોંધ

સ્વ. રાજીવ કિશોર કુમાર શાહનું ગત ૧૫મી જાન્યુઆરીના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેઓનું બેસણું તા. ૧૭મી જાન્યુઆરીના રોજ તેઓના નિવાસસ્થાન સેકટર-૫ ખાતે રાખેલ છે.

## જે.બી. પ્રાથમિક શાળામાં ગુજરાતી લેખક કલ્પેશ પટેલની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળા ખાતેની ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી જેમને પુસ્તકોને પારિતોષિક મળેલા છે તેવા લેખક કલ્પેશ પટેલે મુલાકાત લીધી હતી. કલ્પેશ પટેલે વાર્તાસંગ્રહો, નવલકથાઓ, લઘુનવલો અને જીવનચરિત્રો લખી ગુજરાતી સાહિત્યની ખૂબ મોટી સેવા કરી છે.

ધો. ૭ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં લોકસંત પૂજય મોટાના જીવનચરિત્ર વિશે લેખનકાર્ય કરનાર લેખક કલ્પેશ પટેલે શાળાની મુલાકાતમાં ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાના મહત્વ વિશે ખુબ જ સુંદર માહિતી આપી હતી. તેમજ પોતાના કંઠે કાવ્યગાન કરી વિદ્યાર્થીઓને ભાવવિભોર કરી દિધા હતા. વિદ્યાર્થીઓએ પણ તેમના પાઠ્યપુસ્તકમાં આવતા પાઠના લેખકને રૂબરૂ મળવાનો આનંદ સહ વિવિધ જાણકારી મેળવવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. વિદ્યાર્થીઓને ગુજરાતી સાહિત્ય અને ભાષાના મહત્વ વિશે માહિતી આપવા બદલ શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે લેખક શ્રી કલ્પેશ પટેલનો આભાર વ્યકત કર્યો હતો.




સેકટર-૨૬ સ્થિત જયપ્રકાશ વિદ્યાલય ખાતે સાઈકલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત સરકારની સરસ્વતી સાધના યોજના અંતર્ગત ફાળવવામાં આવેલી સાઈકલોનું લાભાર્થી વિદ્યાર્થીનીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો સામાજિક કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા.

# શનિ-રવિ શહેરમાં શેરી નાટક યોજાશે

**નિફટમાં ભણતા 'છાપ' થીએટર ગૃપના યુવાનો દ્વારા આજથી બે દિવસીય બિગુલ ફેસ્ટિવલ : શનિવારે સ્વર્ણિમ પાર્ક અને રવિવારે ઈન્ફોસીટી ખાતે શેરી નાટકો, જંક મ્યુઝિક તથા કઠપુતળીના શૉ યોજાશે**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની નિફટ કોલેજના કેટલાક યુવાનો દ્વારા 'છાપ' નામનું સ્વતંત્ર થીએટર ગૃપ ચલાવાઈ રહ્યું છે. આ ગૃપ દ્વારા ગાંધીનગર અને અમદાવાદ ખાતે 'બિગુલ ફેસ્ટીવલ' શેરી નાટકોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં તા. ૧૬મી જાન્યુઆરી શનિવારે સાંજે ૫.૩૦ કલાકે ઘ-૪ સર્કલ નજીક મહાત્મા મંદિર પાસેના સ્વર્ણિમ પાર્ક ખાતે અને તા. ૧૭મી જાન્યુઆરી રવિવારે સાંજે ૫.૩૦ કલાકે ઈન્ફોસીટી ખાતે બિગુલ ફેસ્ટીવલ યોજાશે.

શેરી નાટકો એ આપણો પૌરાણિક કલાવારસો છે જે ધીમે ધીમે લુપ્ત થઈ રહ્યો છે. આ વારસાને બચાવવા છાપ ગૃપના યુવાનો દ્વારા કમર કસવામાં આવી છે. આ યુવાનો એ 'બિગુલ' ફેસ્ટીવલ : ધ ગ્રેટ સ્ટ્રીટ આર્ટ ફેસ્ટિવલનું આયોજન કર્યુ છે. જેમાં તેઓ આ ભૂલાતી જતી કલાને ફરી એક વાર નવજીવન આપવા પ્રયત્ન કરશે. આ ફેસ્ટિવલમાં 'છાપ' ગૃપના યુવાનો દ્વારા શેરી નાટકો ઉપરાંત જંક મ્યુઝિક જેમાં રોજીંદા ઉપયોગી અને નકામી ચીજવસ્તુઓ દ્વારા સંગીત પેદા કરાય છે તેમજ કઠપુતળીનો ખેલ વગેરેનો સમાવેશ કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રંગભૂમિ અને સંગીતનો ચોલી દામનનો સંબંધ છે અને આ ફેસ્ટિવલમાં છાપ ગૃપના યુવાનો દ્વારા આ પ્રકારના કાર્યક્રમો જે પૌરાણિક સમયમાં આપણી ધરોહર હતા અને આજના યુગમાં તેમનું સ્થાન ઈલેકટ્રોનિક માધ્યમોએ પચાવી પાડયું છે તેને પ્રસ્તુત કરશે. યુવાનોએ આ કલા સુવાસને પુનઃ પ્રસરાવવાનું બીજું ઝડપ્યું છે જે અત્યંત સરાહનીય છે. ગાંધીનગરના કલારસિક નગરજનોને આ નવ યુવાનો દ્વારા પ્રસ્તુત શેરી નાટકો, જંક મ્યુઝીક તથા કઠપુતળીના શૉ જોવાનો લ્હાવો પ્રાપ્ત થશે.




## રવિવારે ટાઉનહોલ ખાતે યોગ નૃત્યોનું અદભુત પ્રદર્શન

કલાગુર્જરી ગાંધીનગર અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧૭મી જાન્યુઆરીને રવિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે યોગ-નૃત્યો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અપ્રતીમ સિદ્ધીઓ હાંસલ કરીને ચીનમાં યોજાયેલ વિશ્વ યોગાસન સ્પર્ધામાં વિજેતા બનીને ગુજરાત અને ભારતના ગૌરવ સમા અને આપણા જ રાજયના યુવાન યોગી અને યોગીનીઓ દ્વારા યોગ નૃત્યો રજુ કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમની રજુઆત લકુલેશ યોગ યુનિવર્સિટી અને યોગ એન્ડ કલ્ચરલ એસોસીએશન ઓફ ગુજરાતના વિદ્યાર્થીઓ દ્વારા કરાશે તેમ કલા ગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે જણાવ્યું છે.



સેકટર-૨૮ સ્થિત આરાધન વિદ્યા વિહાર ખાતે ઉત્તરાયણ પર્વ નિમિત્તે ભવ્ય પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પતંગોત્સવમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. પતંગ રસિયાઓ દ્વારા રંગબેરંગી પતંગ ઉડાવી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય એચ.એસ. પટેલ તથા મેનેજીંગ ટ્રસ્ટી હાજર રહ્યા હતા.

# પતંગ પર્વે ૮૫ પક્ષીઓ ઘાયલ, ૧૧ના મોત

**મોટા ભાગે કબૂતરને ઈજા થવાના કૉલ વધુ : સમડી, પોપટ, કાગડો, બગલો ઉપરાંત દુર્લભ બ્લેક આઈબી અને અતિ દુર્લભ હરિયાલનો સમાવેશ : મુકિતધામ, ઈન્દ્રોડા પાર્ક તથા સે-૩૦ પશુ દવાખાના ખાતે સારવાર કેમ્પ યોજાયા : વન્યજીવ પ્રેમી સ્વયંસેવકોની અથાગ મહેનત**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં ઉત્તરાયણનું પર્વ ભારે આનંદ અને ઉલ્લાસ સાથે મનાવવામાં આવ્યું હતું. જો કે આ પર્વ નગરમાં વસતા પક્ષીઓ માટે ભારે ઘાતક નીવડયું હતું. ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એમ બે દિવસ દરમિયાન ૮૫ જેટલા નિર્દોષ પક્ષીઓ પતંગની કાતિલ દોરીનો ભોગ બની ઘાયલ થયા હતા જેમાંથી ૧૧ પક્ષીઓ ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન મોતને ભેટયા હતા. આ પર્વ દરમિયાન દુર્લભ કહી શકાય તેવું હરિયાલ કબૂતર પણ દોરીનો ભોગ બન્યું હતું.

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગ રસિયાઓ દ્વારા ઉપયોગમાં લેવાતો માંજો કાચ ચડાવી પીવડાવાય છે. વળી સવારે અને સાંજે પક્ષીઓના ઉડાન સમયે પણ પતંગ રસિયાઓ પતંગ બાજીમાં મગ્ન રહે છે જેના કારણે દર વર્ષે અસંખ્ય પંખીઓ ને દોરી વાગવાથી ઈજાઓ પહોંચે છે જે ઘણી વાર એટલી ગંભીર હોય છે કે અબોલ પંખી મોતને પણ ભેટે છે અથવા જીવનમાં ફરી કયારેય ઉડી શકતું નથી. છેલ્લા બે દિવસથી નગરમાં ચાલી રહેલા પતંગોત્સવને કારણે અનેક પક્ષીઓ ઈજાગ્રસ્ત થવા પામ્યા હતા. શહેરમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઘાયલ અબોલ પક્ષીઓ માટે નિઃશુલ્ક સારવાર કેન્દ્ર અને હેલ્પલાઈનની વ્યવસ્થા કરાઈ હતી. જેના પર સતત બે દિવસ કૉલ રણકતા રહ્યા હતા. જીવદયા પ્રેમી નગરજનોએ જયાં પક્ષીને ઘાયલ થયેલું જોયું ત્યાંથી આ સારવાર કેન્દ્રોનો સંપર્ક સાધી પક્ષીને ઝડપથી સારવાર મળે તેવા પ્રયત્નો પણ કર્યા હતા.

જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમના સહયોગથી મુકિતધામ સ્મશાન ખાતે પક્ષી સારવાર કેમ્પનું આયોજન કરાયું હતું. જયાં બે દિવસમાં કુલ ૩૦થી વધુ કૉલ મળ્યા હતા. જેમાં મોટે ભાગે કબૂતરનો સમાવેશ થતો હતો. ઈજા પામેલા આ પક્ષીઓમાંથી ૯ પક્ષીઓ ગંભીર ઈજા હોવાને કારણ સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા. આ સારવાર કેમ્પ પર સે-૨૭માંથી મળી આવેલ એક દુર્લભ કહી શકાય તેવું લીલું કબૂતર એટલે કે 'હરિયલ' પણ હતું જેને સારવાર આપી હજુ મુકિતધામ ખાતે દેખરેખ હેઠળ રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત અહી અન્ય દુર્લભ પક્ષી કાળી કાંકણસાર એટલે કે બ્લેક આઈબી અને પોપટ, સમડી જેવા પક્ષીઓને પણ સારવાર માટે લવાયા હતા.

ગાંધીનગરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે વન વિભાગના ગીર ફાઉન્ડેશન દ્વારા વનશ્રી ટ્રસ્ટના સહયોગથી ઈજા પામેલા પક્ષીઓ માટે સારવાર કેમ્પનું આયોજન કરાયું છે. આ સારવાર કેમ્પ પર બે દિવસમાં કુલ ૩૬થી વધુ કૉલ મળ્યા હતા જેમાં ૩૨ કબૂતર તથા અન્ય ચાર પક્ષીઓ જમાં દુર્લભ હરિયાલ, ઢોર બગલો, બ્લેક આઈબી અને એક કાગડાનો સમાવેશ થાય છે. આ તમામ પક્ષીઓમાંથી બે ના સારવાર દરમિયાન મોત થયા હતા જયારે અન્ય તમામ પક્ષીઓને સારવાર આપ વધુ દેખરેખ માટે ઈન્દ્રોડા નેચર પાર્કના પક્ષી ગૃહમાં રાખવામાં આવ્યા છે. મોટા ભાગના પક્ષીઓને પાંખના ભાગે ઊંડા ઘા વાગ્યા હતા જેની સારવાર અપાઈ છે અને જરૂરિયાત મુજબ ટાંકા લેવાયા કે સર્જરી પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત શહેરના સે-૩૦ ખાતે આવેલ પશુ દવાખાનામાં પણ દોરીથી ઈજા પામેલા પક્ષીઓ માટે સારવારની વ્યવસ્થા કરાઈ હતી. અહીં પણ બે દિવસ દરમિયાન ૧૫થી વધુ કૉલ આવ્યા હતા જેમાં મુખ્યત્વે કબૂતર ઉપરાંત બ્લેક આઈબી અને સમડીનો સમાવેશ થાય છે.

શહેરના પર્યાવરણ વન્ય જીવન પ્રેમી યુવાનોએ ઉત્તરાયણ પર્વ દરમિયાન ખડે પગે સવાઓ આપી અનોખી જીવદયાનું ઉદાહરણ પરું પાડયું હતું. વળી આ સારવાર કેમ્પમાં ડોકટર્સ તથા તેમના સહયોગીઓ અને સ્વયંસેવકોએ પણ અથાગ મહેનત દ્વારા પક્ષીઓને નવ જીવન પુરું પાડવા ભારે જહેમત ઉઠાવી હતી.



## અતિ દુર્લભ 'હરિયાલ' પણ ઘાયલ



ઉત્તરાયણના દિવસે મુકિતધામ ખાતે ચાલી રહેલ સારવાર સેવા કેમ્પમાં સે-૨૭થી એ અતિ દુર્લભ કહેવાય તેવું 'હરિયાલ' એટલે કે લીલુ કબૂતર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે લવાયું હતું.વાસી ઉત્તરાયણના દિવસે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે ચાલી રહેલા સારવાર સેવા કેમ્પમાં આ જ પ્રકારનું 'હરિયાલ' સારવાર માટે લવાયું હતું. હરિયાલને અંગ્રેજીમાં લો લેગ ગ્રીન પીજીયન કહેવાય છે અને તે દુર્લભ પક્ષીઓમાં આવે છે. ગાંધીનગરમાં તેનો વસવાટ છે તે જાણી વન્ય જીવ પ્રેમીઓ આશ્ચર્યમાં મુકાયા હતા. હાલ બંને હરિયાલને દેખરેખ હેઠળ રખાયા છે.







તાજેતરમાં મધ્યપ્રદેશના ઈન્દોર ખાતેની નર્સિંગ કોલેજમાં નર્સિંગ ટેકનોલોજી ઈનોવેશન, ઈમ્પ્લીમેન્ટેશન એન્ડ નર્સિંગ સ્ટ્રેસ વિષયે યોજાયેલ આંતરરાષ્ટ્રીય વર્કશોપમાં ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના બે પ્રાધ્યાપકોએ રિસર્ચ પેપર પ્રસ્તુત કર્યુ હતું. એસોસિએટ પ્રોફેસર રાજેશ રાવલે નર્સિંગ સ્ટ્રેસ મુદ્દે રાજયોગ ધ્યાનની ઉપયોગિતા અને આસસ્ટીન્ટ પ્રોફેસર હેમાલી પ્રજાપતિએ કેલિડોસ્કોપની ઉપયોગિતા અંગે સંશોધન પત્ર રજૂ કર્યા હતા. આ ઉપરાંત વર્કશોપ દરમિયાન યોજાયેલ પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં પણ ભાગ લઈ હેમાલી પ્રજાપતિએ પ્રથમ અને રાજેશ રાવલે દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. પટેલ રમણલાલ ગોપાલદાસ, ઉ.વ.૬૧
- સ્વ. પટેલ સંજયકુમાર બાબુલાલ, ઉ.વ.૪૦
- સ્વ. બિહોલા દિલીપસિંહ મુકેશસિંહ, ઉ.વ.૧૮
- સ્વ. બળદેવભાઈ રામાભાઈ પટેલ, ઉ.વ.૬૬
- સ્વ. દિનાનાથ મહાનંદ તિવારી, ઉ.વ.૬૨
- સ્વ. દંતાણી ભગુભાઈ સવાભાઈ, ઉ.વ.૭૫
- સ્વ. ધવલસિંહ અર્જુનસિંહ, ઉ.વ.૧૮
- સ્વ. પટેલ મુળચંદભાઈ કચરાદાસ, ઉ.વ.૬૭
- સ્વ. દિનેશભાઈ જીવાભાઈ સોલંકી, ઉ.વ.૪૫
- સ્વ. ઈન્દિરાબેન જમનાદાસ કાળીયા, ઉ.વ.૯૧
- સ્વ. ઠાકોર સોમાજી શામજી, ઉ.વ.૭૫
- સ્વ. જાદવ લસીબેન ગલાજી, ઉ.વ.૯૦
- સ્વ. પરમાર દિનેશચંદ ઉમેદભાઈ, ઉ.વ.૭૧
- સ્વ. ગીતાબેન મહેશજી ઠાકોર, ઉ.વ.૨૫
- સ્વ. નટવરલાલ રામજીભાઈ પરમાર, ઉ.વ.૬૫
- સ્વ. નટવરલાલ માણેકલાલ ત્રિવેદી, ઉ.વ.૮૦